## સ્લો ઓવર રેટ બદલ ભારત-વેસ્ટ ઇન્ડિઝની ટીમો દંડાઇ

નવી દિલ્હી, તા. 05 (પીટીઆઇ) : ન્યૂ ચંદીગઢ ખાતે રમાયેલી ત્રીજી વનડે મેચમાં નિર્ધારિત સમયમાં ઓવર પૂરી ન કરવા બદલ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા સોમવારે ભારત અને વેસ્ટ ઇન્ડિઝ બંને ટીમો પર દંડ ફટકારવામાં આવ્યો છે. ભારતીય ટીમ નિર્ધારિત સમય કરતાં 4 ઓવર અને વેસ્ટ ઇન્ડિઝની ટીમ 2 ઓવર પાછળ રહી હોવાનું માલૂમ પડ્યું હતું. આ કારણે ભારત પર મેચ ફીના 20 ટકા અને વેસ્ટ ઇન્ડિઝ પર 10 ટકા દંડ લાદવામાં આવ્યો છે.

## અમદાવાદ મેરેથોન એથ્લેટિક્સના ગ્લોબલ કેલેન્ડરમાં સામેલ

અમદાવાદ, તા. 05 : 29 નવેમ્બરના રોજ યોજાનારી અદાણી અમદાવાદ મેરેથોનને તેની 10મી આવૃત્તિ પહેલા વર્લ્ડ એથ્લેટિક્સ ગ્લોબલ કેલેન્ડરમાં સામેલ કરવામાં આવી છે અને હવે આ રેસમાં ભાગ લેનારા ખેલાડીઓને વર્લ્ડ એથ્લેટિક્સ રેન્કિંગ માટે પોઇન્ટ મળશે. અમદાવાદ મેરેથોન માટે આ એક મોટી સિદ્ધિ છે, જે થોડા હજાર સહભાગીઓથી શરૂ થયા પછી ગયા વર્ષે તેમાં 24000થી વધુ એથ્લેટ્સે ભાગ લીધો હતો. આ માન્યતા અમદાવાદને આંતરરાષ્ટ્રીય રોડ-રેસિંગ કેલેન્ડરમાં સ્થાન આપે છે. આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર યોજાયેલી આ મેરેથોને આ ઇવેન્ટને તેની માન્યતા અપાવી.

## વિનુ માંકડ ટ્રોફી : આર્યવીર સેહવાગ દિલ્હી અંડર-19નો કેપ્ટન

નવી દિલ્હી, તા. 05 : માજી ભારતીય ઓપનર વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર સેહવાગને આગામી વિનુ માંકડ ટ્રોફી માટે દિલ્હીની અંડર-19 ટીમનો કેપ્ટન નિયુક્ત કરવામાં આવ્યો છે. ડીડીસીએએ 16 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. આ ટુર્નામેન્ટ 8 ઓક્ટોબરથી વિશાખાપટ્ટનમમાં યોજાશે. અર્ણવ બુગ્ગાને દિલ્હી ટીમનો વાઇસ કેપ્ટન બનાવયો છે. આર્યવીરના તાજેતરના ભારત અંડર-19 ટીમ વતી પ્રદર્શનને પગલે આ નિમણૂક થઇ છે. ગયા મહિને રાજકોટમાં ઓસ્ટ્રેલિયા સામે ત્રણ મેચની યુવા વનડે સીરિઝમાં તેણે ત્રણ ઇનિંગમાં કુલ 109 રન બનાવ્યા હતા.

# આજે પ્રથમ ટી-20 : સૂર્યવંશી પર સેમસનને પ્રાથમિકતા મળશે

**લક્ષ્મણના** કોચિંગ હેઠળ એશિયાડમાં બંનેનો સમાવેશ પણ ગંભીરના કોચિંગ હેઠળ કોઇ એકને જ સ્થાન મળશે

**વેસ્ટઇન્ડિઝ** સામેની પાંચ મેચની ટી-20 સીરિઝમાં બોલિંગ સંયોજન અંગે પણ મોટી મૂંઝવણ

**સાંજે** 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



### ટી20 સીરિઝ : ઘાયલ એન્ડુના કવર તરીકે જેંગુનો વિન્ડીઝ ટીમમાં સમાવેશ

લખનૌ, તા. 05 (પીટીઆઇ) : ભારત સામે આવતીકાલે મંગળવારથી શરૂ થઈ રહેલી પાંચ મેચની ટી-20 સીરિઝ પહેલા વેસ્ટ ઇન્ડીઝની ટીમમાં ઇજાગ્રસ્ત વિકેટકીપર બેટ્સમેન જુએલ એન્ડુના કવર તરીકે ટોપ ઓર્ડર બેટ્સમેન આમિર જેંગુનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંગે ક્રિકેટ વેસ્ટ ઇન્ડીઝ બોર્ડે સોમવારે સત્તાવાર જાહેરાત કરી હતી. શનિવારે મુલનપુર ખાતે રમાયેલી ત્રીજી વનડે મેચમાં નમન ધીરનો કેચ પકડવાનો પ્રયાસ કરતી વખતે વિકેટકીપર એન્ડુની આંગળીમાં ઇજા થઈ હતી. ઇજા બાદ તેને સ્થાનિક હોસ્પિટલમાં સ્કેન માટે લઈ જવામાં આવ્યો હતો. સ્કેનમાં કોઈ ફ્રેક્ચર જણાયું ન હતું.

લખનૌ, તા. 05, (પીટીઆઇ) : એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ ઉત્સાહિત ભારતીય ટીમ આવતીકાલે મંગળવારે લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાનારી પ્રથમ ટી-20 મેચમાં વેસ્ટ ઇન્ડીઝ સામે મેદાને ઉતરશે ત્યારે મુખ્ય કોચ ગૌતમ ગંભીર માટે પ્લેઇંગ ઇલેવનની પસંદગીમાં સૌથી મોટો પડકાર ઓપનિંગ જોડી નક્કી કરવાનો રહેશે. વિસ્ફોટક ઓપનર અભિષેક શર્માનું સ્થાન નિશ્ચિત મનાય છે, પરંતુ તેની સાથે અનુભવી સંજુ સેમસન અથવા યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીમાંથી કોને તક આપવી તે અવઢવની વાત છે, જો કે ગંભીરને જાણનારા માને છે કે આ સીરિઝમાં સૂર્યવંશી પર સેમસનને પ્રાથમિકતા મળી શકે છે.

એશિયાડમાં વીવીએસ લક્ષ્મણના કોચિંગ હેઠળ સૂર્યવંશી અને સેમસન બંનેનો પ્લેઇંગ ઇલેવનમાં સમાવેશ થયો હતો, પણ કોચિંગ બદલાતા હવે ચોક્કસપણે વ્યુહરચના પણ બદલાશે અને તેના કારણે સેમસન અને સૂર્યવંશી બંને પ્લેઇંગ ઇલેવનમાં એક સાથે જોવા મળવાની સંભાવના ઓછી છે અને તેથી એકાના સ્ટેડિયમની બેટિંગ ફ્રેન્ડલી પિચ પર ગંભીર સંજુ સેમસનને ઓપનર તરીકે પાછો લાવી શકે છે. મધ્યમ ક્રમમાં કેપ્ટન તિલક વર્મા, ઇશાન કિશન, શિવમ દુબે, નિતિશ કુમાર રેડ્ડી અને અક્ષર પટેલ જેવા મજબૂત બેટ્સમેનો હાજર છે. બોલિંગ વિભાગમાં અર્શદીપ સિંહ સાથે મયંક યાદવ અથવા પ્રિન્સ યાદવમાંથી કોઇ એકને તક મળી શકે છે. સ્પિન વિભાગની જવાબદારી અક્ષર પટેલ અને કુલદીપ યાદવ સંભાળશે.

# ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં આકાશદીપની ટેસ્ટ ટીમમાં વાપસી નક્કી

**ન્યુઝીલેન્ડ** પ્રવાસ માટે ટીમની જાહેરાત ટૂંકમાં થશે, ઇરાની કપમાં શાનદાર પ્રદર્શન બાદ આકાશદીપ ફિટ જાહેર

**BCCIએ** 22 ઓક્ટોબરથી ટી-20 સીરિઝ સાથે શરૂ થનારા પ્રવાસ માટે 60 ખેલાડીના વિઝા તૈયાર કરાવ્યા

**ટેસ્ટને** ધ્યાને લઇ શુભમન ગીલ આરામ લેશે તો છેલ્લી બે વન ડેમાં શ્રેયસ અય્યર ટીમનું સુકાન સંભાળી શકે



નવી દિલ્હી, તા. 05 (પીટીઆઇ) : ભારતના ફાસ્ટ બોલર આકાશદીપ ન્યુઝીલેન્ડ સામેની આગામી ટેસ્ટ સીરિઝ માટે ભારતીય ટીમમાં વાપસી કરવા માટે તૈયાર છે. કમરની ઇજામાંથી સાજા થયેલા 29 વર્ષના આકાશદીપે તાજેતરમાં ઇરાની કપમાં 24 ઓવર બોલિંગ કરીને 68 રનમાં 6 વિકેટ ઝડપી હતી. બીસીસીઆઇના અધિકારી અનુસાર, આકાશદીપ સંપૂર્ણપણે ફિટ છે અને 138 થી 140 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરી રહ્યો છે.

પ્રજ્ઞાન ઓઝાના નેતૃત્વ હેઠળની ચાર સભ્યોની પસંદગી સમિતિ મંગળવાર અથવા બુધવારે ન્યુઝીલેન્ડ પ્રવાસ માટે ટી-20, વન ડે અને ટેસ્ટ ટીમની પસંદગી કરશે. પ્રવાસની શરૂઆત 22 ઓક્ટોબરથી ટી20 સીરિઝથી થશે, જ્યારે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ પ્રથમ ટેસ્ટ 19 નવેમ્બરથી રમાશે.

અંતિમ વન ડે અને ટેસ્ટ સીરિઝ વચ્ચે માત્ર ચાર દિવસનો તફાવત હોવાથી કેપ્ટન શુભમન ગિલ અને અન્ય ટેસ્ટ નિષ્ણાતો છેલ્લી બે વન ડેમાંથી આરામ લઇ શકે છે. જો ગિલ ટેસ્ટ મેચની તૈયારીઓ માટે આરામ લેશે તો વાઇસ કેપ્ટન શ્રેયસ અય્યર છેલ્લી બે વન ડે મેચમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. ન્યુઝીલેન્ડ પ્રવાસ માટે બીસીસીઆઇએ ટી-20, વન ડે, ટેસ્ટ અને ભારત-એની ત્રણ બિન સત્તાવાર રેડ બોલ મેચને ધ્યાનમાં રાખીને કુલ 60 ખેલાડીઓના વિઝા તૈયાર કરાવ્યા છે.

### ટેસ્ટ ટીમમાં 17 ખેલાડીઓમાં છ ઝડપી બોલરને સમાવાશે

ટેસ્ટ ટીમમાં 16 થી 17 ખેલાડીઓનો સમાવેશ થઇ શકે છે. ઝડપી બોલિંગ માટે જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ણા, ગુરનૂર બ્રાર અને આકાશદીપ દાવેદાર છે. છઠ્ઠા ઝડપી બોલર તરીકે આકિબ નબી, મુકેશ કુમાર અને અંશુલ કમ્બોજમાંથી કોઇ એકની પસંદગી થઇ શકે છે.

## PCBની શરતો આયોજકોએ નકારતા પાકિસ્તાની ટીમ WCLમાંથી ખસી

**2025માં** ભારતે પાકિસ્તાન ચેમ્પિયન્સ સામે રમવાનું નકાર્યું હતું જે અંગે PCBએ ભારત માફી માગે એવી શરત મૂકી હતી

ઓમાન, તા. 05 : ભારતીય ટીમ તરફથી લેખિત માફીની માગણીને આયોજકો દ્વારા નકારી કાઢવામાં આવ્યા બાદ પાકિસ્તાન ચેમ્પિયન્સે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL)ની ચાલુ સીઝનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતીય ટીમે ગત સીઝનમાં પાકિસ્તાન સામે રમવાનો ઇનકાર કર્યા બાદ બંને ટીમો વચ્ચેનો ગ્રુપ-સ્ટેજ મેચ રદ થઈ હતી અને તે પછી ભારતીય ટીમ તેના વલણ પર અડગ રહી ત્યારે સેમી ફાઇનલ પણ ન રમતા પાકિસ્તાન ફાઇનલમાં પહોંચ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) શરૂઆતમાં અનિચ્છા હોવા છતાં ખેલાડીઓને એનઓસી આપવા સંમત થયું હતું, પરંતુ ગત સિઝનમાં ભારતીય ટીમના વલણ બદલ લેખિત માફીની માગ કરી હતી. જોકે, WCL આયોજકોએ આ માગણીને નકારી કાઢી હતી. પીસીબીએ WCL આયોજકો પાસેથી એવી ખાતરી પણ માંગી હતી કે જો ભારતીય ખેલાડીઓ ટુર્નામેન્ટમાં ભાગ ન લેવાનું પસંદ કરે તો તેમને કોઈ વાંધો નહીં હોય.

## સલમાનને હટાવી સાહિબઝાદા બન્યો પાકિસ્તાની ટી-20 ટીમનો કેપ્ટન

**ફરહાન** શ્રીલંકા સામેની ત્રણ મેચની ટી-20 સીરિઝથી કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળશે



ઇસ્લામાબાદ, તા. 05 : પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં વધુ એક ઉથલપાથલ થઈ છે. એશિયન ગેમ્સમાં ટીમનું નેતૃત્વ કરનાર સાહિબજાદા ફરહાનને સલમાન અલી આગાના સ્થાને નવા ટી-20 કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. ફરહાન શ્રીલંકા સામેની ત્રણ મેચની ટી-20 સીરિઝથી આ જવાબદારી સંભાળશે.

સાહિબજાદા ફરહાનનું તાજેતરના સમયમાં શાનદાર પ્રદર્શન રહ્યું છે. તેણે જાપાનમાં તાજેતરમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં પાકિસ્તાનનું નેતૃત્વ કર્યું હતું. હાલમાં, ફરહાન વિશ્વનો ત્રીજો ક્રમાંકિત ટી-20I બેટ્સમેન છે, અને તેના ઉત્તમ ફોર્મે તેને કેપ્ટનશીપની રેસમાં સૌથી આગળ કર્યો છે. પાકિસ્તાને ટી-20 સીરિઝ માટે પણ પોતાની ટીમની જાહેરાત કરી છે. આ સીરિઝ પછી પાકિસ્તાન ઇંગ્લેન્ડ અને શ્રીલંકા સાથે ત્રિકોણીય સીરિઝમાં ભાગ લેશે. આ ત્રિકોણીય સીરિઝ માટે ટીમની પણ જાહેરાત કરવામાં આવી છે, જેની કેપ્ટનશીપ શાહીન શાહ આફ્રિદી કરશે.

**ટી-20 સીરિઝ માટે પાકિસ્તાનની ટીમ**

સાહિબજાદા ફરહાન (કેપ્ટન), અબ્દુલ સમદ, અબરાર અહેમદ, અરાફાત મિન્હાસ, ફખર જમાન, હસન નવાઝ, ખ્વાજા નાફે (વિકેટકીપર), માઝ સદાકત, મોહમ્મદ સલમાન મિર્ઝા, મોહમ્મદ ઇમરાન રંધાવા, નસીમ શાહ, રઝાઉલ્લાહ, સૈમ અયુબ, શાદાબ ખાન અને સુફયાન મોકીમ.

## હોંગ કોંગ સિક્સિસમાં ભુવનેશ્વર કુમાર ભારતનું નેતૃત્વ કરશે

**કૃણાલ** પંડ્યા, નીતિશ રાણા અને ટી નટરાજન સહિતના ખેલાડીઓનો ટીમમાં સમાવેશ



નવી દિલ્હી, તા. 05 : ભારતના અનુભવી ઝડપી બોલર ભુવનેશ્વર કુમાર 30 ઓક્ટોબરથી પહેલી નવેમ્બર દરમિયાન રમાનારી હોંગ કોંગ સિક્સિસ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. આ ભારતીય ટીમમાં આઇપીએલના ઘણાં જાણીતા ખેલાડીઓને સ્થાન અપાયું છે.

ટીમમાં કૃણાલ પંડ્યા, શશાંક સિંહ, રાહુલ તેવાતિયા, નીતિશ રાણા, રાહુલ ત્રિપાઠી અને ટી. નટરાજનનો સમાવેશ થાય છે. શશાંક સિંહ સિવાય બાકીના તમામ ખેલાડીઓ ભારત તરફથી ઇન્ટરનેશનલ ક્રિકેટ રમી ચૂક્યા છે. માત્ર છ ખેલાડીઓ વચ્ચે રમાતી આ ફાસ્ટ ફોર્મેટની સ્પર્ધામાં આક્રમક બેટિંગ અને શાનદાર ઓલરાઉન્ડ ક્ષમતા ધરાવતી ટીમ ઉતારવામાં આવી છે. ક્રિકેટ હોંગ કોંગ ચીનના માર્કેટિંગ અને કોમર્શિયલ ડિરેક્ટર અનુરાગ ભટનાગરે જણાવ્યું હતું કે, ભારતીય ક્રિકેટ સત્તાધીશોના સહયોગથી હોંગ કોંગ સિક્સિસના ઇતિહાસમાં અત્યાર સુધીની સૌથી મજબૂત ભારતીય ટીમ તૈયાર થઈ છે.

**હોંગ કોંગ સિક્સિસ માટે ભારતીય ટીમ**

ભુવનેશ્વર કુમાર (કેપ્ટન), કૃણાલ પંડ્યા, શશાંક સિંહ, રાહુલ તેવાતિયા, નીતિશ રાણા, રાહુલ ત્રિપાઠી, ટી. નટરાજન.

## પ્રેક્ષકને ઇજા પહોંચાડતા મેદવેદેવ ચીન ઓપનમાંથી ડિસ્ક્વોલિફાય

**ડેનિલ** મેદવેદેવે ગુસ્સામાં બોલ સ્ટેન્ડ તરફ મારતા ત્યાં બેઠેલા પ્રેક્ષકની આંખમાં બોલ વાગ્યો



બૈજિંગ, તા. 05 : ચીન ઓપનમાં આજે સોમવારે નોવાક જોકોવિચ સામેની સેમી ફાઇનલ દરમિયાન રશિયન ખેલાડી ડેનિલ મેદવેદેવ નાટકીય રીતે ગેરલાયક ઠર્યો હતો અને તેના માટે તેનો ગુસ્સો જવાબદાર હોવાનું જણાયું હતું. મેદવેદેવે એક પોઇન્ટ ગુમાવ્યા પછી બોલને જોશભર સ્ટેન્ડ તરફ માર્યો હતો અને તેના કારણે એક પ્રેક્ષકને ઇજા થતાં મેદવેદેવને ડિસ્ક્વોલિફાય કરવામાં આવ્યો હતો.

આ ઘટના ત્યારે બની જ્યારે જોકોવિચ 7-5, 5-3 ના સ્કોર પર મેચ માટે સર્વિસ કરી રહ્યો હતો. એક પોઇન્ટ પછી, મેદવેદેવે તેની તરફ રિબાઉન્ડ થયેલા બોલને કોર્ટની પાછળ માર્યો હતો. બોલ પહેલી હરોળમાં જઇને ત્યાં બેઠેલા એક પ્રેક્ષકને ડાબી આંખ પાસે વાગ્યો હોય તેવું લાગ્યું. ચાહકને સ્ટેન્ડથી દૂર લઈ જવામાં આવ્યો તે પહેલાં તાત્કાલિક તબીબી સહાય આપવામાં આવી હતી. તે પછી અધિકારીઓએ રમત અટકાવી મેદવેદેવ સાથે વાત કરી હતી અને પછી આખરે મેચમાંથી બહાર કરવામાં આવ્યો હતો.

## જાપાન ઓપન : અલ્કારાઝ ફાઇનલમાં

**સતત** 16 પોઇન્ટ ગુમાવ્યા બાદ વાપસી કરી કાર્લોસ અલ્કારાઝે હોઉમે મુનારને 5-7, 6-3, 6-1 થી હરાવ્યો

ટોક્યો, તા. 05, (પીટીઆઇ) : જમણા હાથની ઇજાના કારણે 4.5 મહિના દૂર રહ્યા બાદ રમત ક્ષેત્રે વાપસી કરી રહેલા વિશ્વના ત્રીજા ક્રમાંકિત ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કારાઝે જાપાન ઓપન ટૂર્નામેન્ટની સેમી ફાઇનલમાં સ્પેનના હોઉમે મુનારને 5-7, 6-3, 6-1 થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. મેચ દરમિયાન પ્રથમ સેટના અંતે અને બીજા સેટની શરૂઆતમાં સતત 16 પોઇન્ટ ગુમાવવા છતાં અલ્કારાઝે જોરદાર વાપસી કરી હતી. પ્રથમ સેટમાં એક સમયે આગળ ચાલી રહેલા અલ્કારાઝે લય ગુમાવતા તેણે સતત બે ડબલ ફોલ્ટ કરીને પ્રથમ સેટ મુનારને આપી દીધો હતો. આ દરમિયાન તેણે સતત 14 પોઇન્ટ ગુમાવ્યા હતા અને બીજા સેટના પ્રથમ બે પોઇન્ટ ગુમાવતા આ આંકડો 16 પોઇન્ટ પર પહોંચ્યો હતો. જોકે, ત્યારબાદ ટોપ સીડેડ અલ્કારાઝે બીજા સેટની શરૂઆતમાં જ સર્વિસ બ્રેક કરીને મેચ પર વાપસી કરી હતી. મંગળવારે યોજાનારી ફાઇનલ મેચમાં અલ્કારાઝનો સામનો વિશ્વના 19 નંબરના ખેલાડી ઇરી લેહેચકા સામે થશે.

## નેશન્સ લીગ : પોર્ટુગલ ફરી રોનાલ્ડો વગર જીતી અંતિમ આઠમાં પહોંચ્યું

લંડન, તા 05 (એપી) : ક્રિસ્ટિયાનો રોનાલ્ડો વિના પણ ફરી એકવાર પોર્ટુગલે ગોન્કાલો રામોસના શાનદાર પ્રદર્શનને કારણે જીત મેળવીને નેશન્સ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું, જ્યારે ગ્રીસે જર્મનીને ડ્રો પર રોક્યું હતું. રામોસના શાનદાર ગોલથી પોર્ટુગલે રવિવારે નોર્વેને 2-1થી હરાવ્યું, જે ગ્રુપ A4માં તેમની સતત ચોથી જીત હતી, અને તેનાથી તેઓ અંતિમ આઠમાં પહોંચ્યા હતા. રોનાલ્ડો ટુર્નામેન્ટની ઓપનરમાં વેલ્સ સામેની મેચમાં રામોસની જગ્યાએ રમ્યો હતો, પોર્ટુગલે આ મેચ 1-0થી જીતી હતી, અને તે પછીથી રોનાલ્ડો રમ્યો નથી. આ ગ્રુપની અન્ય મેચમાં ડેનમાર્કે વેલ્સને 1-0થી હરાવ્યું. ડેનમાર્ક બે જીત પછી ગ્રુપ A4 માં બીજા સ્થાને છે, જ્યારે વેલ્સ અને નોર્વેએ એક-એક જીત મેળવી છે. ગયા અઠવાડિયે જર્મની સામે પોતાનો પહેલો વિજય નોંધાવનાર ગ્રીસે લગભગ આ સિદ્ધિનું પુનરાવર્તન કર્યું, આ વખતે તેણે જર્મનીને ગોલરહિત ડ્રો પર રોક્યું હતું.

## વુમન્સ લા લીગા ક્લાસિકો : બાર્સેલોનાએ રીઅલ મેડ્રિડને 7-0થી કચડી નાંખ્યું

**પ્રથમ** હાફમાં ચાર ગોલ સાથે ક્લાઉડિયા પીના રિયલ મેડ્રિડ સામે એક મેચમાં સર્વાધિક ગોલ કરનારી બાર્સેલોનાની પહેલી મહિલા ખેલાડી



### લીગા એફની સ્થાપના પછી પ્રેક્ષકોની હાજરીનો રેકોર્ડ સર્જાયો

બાર્સેલોના અને રિયલ મેડ્રિડની મહિલા ટીમો વચ્ચે રમાયેલી આ મેચમાં લીગા એફની રમતમાં અત્યાર સુધીની સૌથી વધુ 40,533 પ્રેક્ષકોની વિક્રમી હાજરી જોવા મળી હતી. જો કે લીગા એફની સ્થાપના પહેલાં વર્ષ 2019માં એટ્લેટિકો મેડ્રિડના મેટ્રોપોલિટાનો સ્ટેડિયમમાં એટ્લેટિકો મેડ્રિડ અને બાર્સિલોના વચ્ચે રમાયેલી મહિલા લીગ મેચમાં 60,739 પ્રેક્ષકો હાજર રહ્યા હતા, પણ લીગા એફની સ્થાપના પછી આ મેચમાં પ્રેક્ષકોની હાજરી એક નવો રેકોર્ડ છે.

બાર્સેલોના, તા. 05 (એપી) : વુમન્સ ક્લાસિકો ફૂટબોલ મેચમાં બાર્સિલોનાની મહિલા ટીમે ચિરપ્રતિદ્વંદ્વી રિયલ મેડ્રિડને 7-0થી ધૂળ ચાટતી કરીને લીગના ઇતિહાસમાં પોતાના સૌથી મોટા વિજયનો નવો રેકોર્ડ બનાવ્યો છે.

કેમ્પ નૌ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ રોમાંચક મેચમાં ક્લાઉડિયા પીનાએ શાનદાર રમત દર્શાવતા પ્રથમ હાફમાં જ એકપક્ષીય રીતે ચાર ગોલ ફટકાર્યા હતા. આ સાથે પીના રિયલ મેડ્રિડ સામેની એક જ મેચમાં ચાર ગોલ નોંધાવનારી બાર્સિલોનાની પ્રથમ મહિલા ખેલાડી બની ગઇ છે.

આ મેચમાં લીગા એફની રમતમાં અત્યાર સુધીની સૌથી વધુ 40,533 દર્શકોની વિક્રમી હાજરી જોવા મળી હતી. મેચ દરમિયાન કટાલન ક્લબ બાર્સિલોના તરફથી કેરોલિન ગ્રેહામ હેન્સન, ઇવા પાજોર અને સિડની શર્ટેનલેઇબે પણ 1-1 ગોલ કરીને ટીમની જીતમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. 2020માં રિયલ મેડ્રિડની મહિલા ટીમની રચના થયા બાદ બંને ટીમ વચ્ચે રમાયેલી 26 મેચોમાંથી બાર્સિલોનાએ 25 મેચમાં વિજય મેળવીને પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે.


**ઓનલાઇન ટેન્ડરીંગ**

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

"ઇ" પ્રોક્યોરમેન્ટ નોટીસ નં. "૦૭" સને ૨૦૨૬-૨૭

ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, પાનમ સિંચાઇ વિભાગ, ૨/૩૫, જિલ્લા સેવા સદન-૨, બીજો માળ કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૪૧૯૬૩ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી એક કામ માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજિત રકમ રૂ.૧૭૬.૫૫ લાખ છે.

ઓનલાઇન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઇટ http://tender.nprocure.com પર તા.૨૭/૧૦/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

જ્યારે કામના ઓનલાઇન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૨૭/૧૦/૨૦૨૬ થી તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઇટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવો.

(માહિતી/ગોધરા/૫૪૩/૨૬)








